# ભાજપના કોર્પો. મારવા દોડતાં સભામાં હોબાળો

**સરદાર** સ્મૃતિયાત્રામાં નહીં જોડાઈને વિપક્ષ સરદારનું અપમાન કરે છે તેવી ભાજપના સભ્યોએ ટિપ્પણી કરી હતી

**જેની** સામે વિપક્ષના સભ્યએ સરદાર ખંડના ઠરાવોનો અમલ નહીં થતો હોવાનું કહેતા કોર્પો. ચિરાગ સોલંકી મારવા દોડ્યા

સુરતઃ સુરત મનપાની આજે મળેલી સામાન્ય સભામાં કોર્પોરેટર મારવા ઉભા થઈ જતાં હોબાળો મચી ગયો હતો. બાદમાં માર્શલોએ વચ્ચે પડીને મામલો થાળે પાડવો પડ્યો હતો. ભાજપના કોર્પોરેટર પૂર્વ મેયર દિનેશ જોધાણીએ વિપક્ષ પર આક્ષેપ કર્યો કે, સરદાર પટેલની 150મી જન્મજયંતીની એકતા યાત્રામાં એકપણ વિપક્ષ સભ્ય જોડાયો નહોતો. જ્યારે આવા રાષ્ટ્રીય પ્રસંગો રાજકારણથી ઉપર હોય છે. જેની સામે વિપક્ષના વિપુલ સુહાગીયાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલના નામ સાથે સંકળાયેલા સભાખંડમાં શાસક પક્ષના સભ્યો લોકહિતની ચર્ચા કરવાને બદલે અને સભાએ મંજૂર થયેલા ઠરાવ ઉપર અમલ થતો નથી તે બાબતે વાત કરવાને બદલે ઠઠ્ઠા મશ્કરી કરે છે. તેની આ વાતથી ઉશ્કેરાઈને ભાજપના નગરસેવક ચિરાગ સોલંકી વિપુલ સુહાગીયાને મારવા ઊભા થઈ જતાં હોબાળો મચી ગયો હતો. જો કે, માર્શલોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.

## સુરભીના નકલી પનીરનો મુદ્દો સભામાં ગાજ્યો, ભેળસેળિયાઓ સમાજદ્રોહી છે, કડક કાર્યવાહીની ઉનડકટે માંગ કરી



છેલ્લા થોડા સમયથી શહેરમાં નકલી ઘી, પનીર, ચીઝ વગેરેના મોટા જથ્થા પકડાઇ રહ્યા છે. તેમાં પણ સુરભી ડેરી જેવી ખ્યાતનામ સંસ્થાનો નકલી પનીરનો મોટો જથ્થો પકડાયા બાદ તો શહેરમાં મોટા ભાગની ખાદ્યચીજોમાં ભેળસેળ થતી હોવાની પ્રતીતિ થઇ રહી છે. આ મુદ્દો શુક્રવારે મનપાની સામાન્ય સભામાં ભાજપના નગરસેવક વ્રજેશ ઉનડકટે ઉઠાવ્યો હતો. વ્રજેશ ઉનડકટે જણાવ્યું હતું કે, ખાદ્યચીજોમાં ભેળસેળ કરતાં લોકો સમાજદ્રોહી છે. ડ્રગ્સ અને ચરસ ગાંજા જેવી જ આ ખતરનાક પ્રવૃત્તિ છે, જેમાં રોજ લાખો લોકોને અસર થાય છે. આથી આવી પ્રવૃત્તિ કરતા લોકો સમાજદ્રોહી છે, તેની સામે વધુમાં વધુ કડક કાર્યવાહી થવી જોઇએ. જેલના સળિયા પાછળ જવા જોઇએ અને આવી સંસ્થાના ગુમાસ્તાધારા લાઇસન્સ તુરંત રદ કરી દુકાનો સીલ કરવી જોઇએ.

## 200 કરોડના ગ્રીન બોન્ડ ખોટનો સોદો: વિપક્ષ, મનપાને 20 કરોડનો ફાયદો થશે: શાસકો

સુરત મનપા દ્વારા તાજેતરમાં લિસ્ટિંગ થયેલા 200 કરોડના ગ્રીન બોન્ડ મુદ્દે વિપક્ષી નેતા પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે, ગ્રીન બોન્ડમાં 4 ગણું ભરણું થયું તે ખુશ થવાની વાત નથી. આપણે પ્રોજેક્ટ માટે વ્યાજે નાણાં લેવા પડ્યાં એ લાંછનની વાત છે. 200 કરોડના બોન્ડમાં 17 કરોડ તો દર વર્ષ વ્યાજ ચૂકવવું પડશે. જે પાંચ વર્ષમાં કેટલે પહોંચે? ઉપરાંત બોન્ડ લિસ્ટિંગ થયાં ત્યાર સુધીમાં 15 કરોડનો ખર્ચ થઇ ગયો. સરવાળે 200 કરોડમાંથી માંડ 100 કરોડ વાપરવા મળશે અને વ્યાજ 200 કરોડ ચૂકવવાનું થશે. જો કે, સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે વળતો જવાબ આપતાં કહ્યું હતું કે, વિપક્ષનો દાવો ખોટો છે. 200 કરોડના બોન્ડ પાછળ કુલ 53 કરોડનો ખર્ચ થયો છે. પરંતુ તેની સામે સરકારે 20 કરોડની ગ્રાન્ટ આપી છે અને આ પ્રોજેક્ટ થકી સુરત મનપાને દર વર્ષે 20 કરોડના વીજ ખર્ચની બચત થશે. ખરેખર તો સુરત મનપા માટે ગૌરવની વાત છે કે, આપણે દેશમાં પ્રથમ વખત ઇન્ટરનેશનલ સર્ટિફાઇડ બોન્ડ લિસ્ટિંગ કરવાની સિદ્ધિ નોંધાવી છે. જો કે, વિપક્ષે અગાઉના 200 કરોડના બોન્ડના શું ફાયદા થયા એ જાહેર કરવા માંગ કરી હતી. પરંતુ શાસકોએ તેનો જવાબ આપ્યો ન હતો.

## અધિકારીઓ નગરસેવકોના ફોન ઉઠાવતા નથી, ડિસિપ્લિન મુદ્દે વિપક્ષની ટકોર

સુરત મનપાના અધિકારીઓ-કર્મચારીઓમાં ડિસિપ્લિનના અભાવ મુદ્દે વિપક્ષી નગરસેવક કિશોર રૂપારેલિયાએ ટકોર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટ્રાફિક સિગ્નલથી માંડીને ચુંટાયેલા પ્રતિનિધિઓના ફોન ઉઠાવવા સુધીની ફરજમાં મનપાના અધિકારીઓ-કર્મચારીઓમાં ડિસિપ્લિનનો અભાવ દેખાય છે. સરકારી કર્મચારી તરીકે સરકારી નિયમોનું પાલન કરવાની પહેલી ફરજ કર્મચારીઓની છે. આમ છતાં ઘણી જગ્યાએ કર્મચારીઓ ટ્રાફિક સિગ્નલ તોડતા જણાય છે. તેના માટે ટ્રાફિક સેન્સની કાર્યશાળા રાખવી જોઇએ. ઉપરાંત તેમણે નગરસેવકોના ફોન અમુક અધિકારીઓ-કર્મચારીઓ ઉઠાવતા નથી તે મુદ્દે પણ સામાન્ય સભામાં ફરિયાદ કરી હતી.

## રેઈન હાર્વેસ્ટિંગ શહેર માટે આશીર્વાદ, વરસાદી પાણીના ભરાવાની ફરિયાદો ઘટી: હિમાંશુ રાઉલજી

ભાજપના નગરસેવક હિમાંશુ રાઉલજીએ જણાવ્યું હતું કે, રેઈન હાર્વેસ્ટિંગના કારણે કાદરશાની નાળમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ આવ્યું છે. દર વર્ષે અહીં પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે, પણ આ વર્ષે ભારે વરસાદ બાદ પણ અહીં પાણી ભરાવાની કોઈ ફરિયાદ આવી નથી. સુરત શહેરને 15 વર્ષ સુધી ચાલે એટલું પાણી આ વખતે કોઝવે ઉપરથી વહી ગયું. જેથી શહેરના દરેક વિસ્તારમાં રેઈન હાર્વેસ્ટિંગ ખૂબ જરૂરી છે અને આપણે વધુ ને વધુ પાણીને બચાવી શકીએ છીએ.

## શહેરમાં ફૂટપાથ ઉપરથી દબાણ દૂર કરો: કોર્પોરેટર બળવંતભાઈ પટેલ

ભાજપના કોર્પોરેટર બળવંતભાઈ પટેલે સામાન્ય સભામાં રજૂઆત કરી હતી કે, સુરત મહાનગરપાલિકાએ લાખો રૂપિયા ખર્ચીને શહેરમાં ખૂબ સારા ફૂટપાથ બનાવ્યા છે. પરંતુ આ ફૂટપાથ લોકોની સુવિધાના બદલે દબાણકર્તાઓની સુવિધા હોય તેવી પ્રતીતિ થઇ રહી છે. મનપા દ્વારા ઝુંબેશ ચલાવી ફૂટપાથ પર થતાં દબાણો કાયમી ધોરણે હટાવવા જોઇએ તેવી તેમણે માંગ કરી હતી.

## મેયરે મોટું મન રાખી વિપક્ષને માફી આપી, શાસકના સભ્યોને ગમ્યું નહીં

દિવાળી પહેલાંની સભામાં પ્રશ્નોત્તરી જમા કરાવવા મુદ્દે વિપક્ષ આપ અને શાસક ભાજપના સભ્યો વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમાં પક્ષપલટો કરનાર આપનાં કોર્પોરેટર ભાવના સોલંકીએ આપના બે નગરસેવક રચના હીરપરા અને મહેશ અણઘડ સામે એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી છે. આ મુદ્દે ભાજપના સભ્યોએ આક્રમક વલણ અપનાવી વિપક્ષના આ સભ્યોએ મહિલાનું અપમાન કર્યું હોવાથી તે માફી ના માંગે ત્યાં સુધી તેને સામાન્ય સભામાં બોલવા નહીં દેવાય તેવી ચીમકી આપી સભાગૃહમાં રજૂઆત કરવા દીધી નહોતી. જો કે, આજે નવા વર્ષની પહેલી સામાન્ય સભામાં મેયરે આ બંને સભ્યો પાસે માફી મંગાવવાનો આગ્રહ પડતો મૂકી રજૂઆતની તક આપી હતી. જે ભાજપના અમુક સભ્યોને ગમી નહોતી.

## રિચાર્જેબલ બોરવેલ, કોમ્યુનિટી હોલના રિનોવેશનમાં મોટું કૌભાંડ

**બોરવેલના** કામ લોકો 70-80 રૂપિયા ફૂટ કરાવે છે, ને મનપા 1100 રૂપિયા ચૂકવે છે, તેમાં શું હીરા જડાય છે : વિપુલ સુહાગીયા

સભામાં પાલમાં આવેલા કોમ્યુનિટી હોલના રિનોવેશનના કામમાં મનપાએ રૂપિયા 2.51 કરોડના ખર્ચની દરખાસ્ત રજુ કરી હતી. જેમાં પ્રતિ ચોરસ ફૂટ 2165 ના ભારે ખર્ચે રિપેરિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મુદ્દે વિપક્ષના કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ કહ્યું હતું કે, "કોમ્યુનિટી હોલના રિપેરીંગના આટલા ભારે દર કઈ રીતે નક્કી થયા? ઉપરાંત ઝોન-B માં ટીપી-38 અને ટીપી-68 વિસ્તારના BRTS રૂટ પર ફૂટપાથ તોડીને નવી ફુટપાથ બનાવવા 1.44 કરોડના ખર્ચના પ્રસ્તાવ પર પણ સુહાગીયાએ વાંધો ઉઠાવ્યો હતો. આ ઉપરાંત રિચાર્જેબલ બોરવેલમાં મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાની આશંકા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 1100/ફૂટના દરે કામ મંજુર કરવામાં આવ્યુ છે. પણ લોકો જ્યારે આ કામ કરાવે ત્યારે માત્ર '70-80 રૂપિયા ફૂટનો રેટ હોય તો શું મનપાના બોરવેલમાં શું હીરા જડાયા છે?' તેમણે ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે સભામાં રજુ થયેલા સાઉથ ઝોન-B માં કામ નં. 74 હેઠળ મનપાએ 55 રિચાર્જેબલ બોરવેલ બનાવવા માટે 1,07,84,000ના ખર્ચની મંજૂરી આપી છે. દરેક બોરવેલની લંબાઈ 141 ફૂટ છે અને એક બોરવેલનો ખર્ચ 1,55,141 પડે છે. આમ પ્રતિ ફૂટનો દર 1100 આવે છે.

## દારૂ,જુગાર અને ગાંજાના વેચાણને નાથવાની શાસકો પાસે રણનીતિ જ નથી: વિપક્ષી નેતા

શહેરના ઓવરબ્રિજ નીચે ખુલ્લેઆમ ગાંજો અને ડ્રગ્સનું વેચાણ થતું હોવાના આક્ષેપ સાથે તેના વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શુક્રવારે મળેલી સુરત મહાનગર પાલિકાની સામાન્ય સભામાં પણ આ મુદ્દો તોફાની બન્યો હતો. વિપક્ષી નેતા પાયલ સાકરીયાએ શાસકો પર આક્ષેપો કરતાં કહ્યું હતું કે, "કરોડો રૂપિયાના ખર્ચે બનતા ઓવરબ્રિજ હવે દારૂ, જુગાર, ગાંજો અને ડ્રગ્સનું વેચાણ અને સેવન માટેના હબ બની ગયા છે. શાસકો પાસે દિનપ્રતિદિન વધતાં આ દૂષણો સામે કોઈ રણનીતિ જ નથી. કરોડોની રકમ બ્યુટિફિકેશન માટે ઉડાડવા છતાં બ્રિજ નીચે ચોરી, કુંડાં ગાયબ થવા અને અસામાજિક તત્ત્વોની બેફામ પ્રવૃત્તિઓ અટકી નથી. વિપક્ષી નેતાએ માંગ કરી કે મેયર ખુદ પો.કમિ.ને પત્ર લખે અને તંત્ર સાથે ઊભા રહી આ નેટવર્ક સામે કડક કામગીરી હાથ ધરે.

## ઓફિસમાં ઇ-સિગારેટ પીતા વિડીયો વાયરલ થયા બાદ CSOએ પડદા લગાવી દીધા

■ સુરત મનપાના ચીફ સિક્યુરિટી ઓફિસર જાગ્રત નાયક પોતાની ઓફિસમાં બેસી ઇ-સીગારેટ પીતા હોવાનો વિડીયો વાયરલ થયા બાદ ચીફ સિક્યુરિટી ઓફિસરે પોતાની ઓફિસના દરવાજામાં પડદા લગાવી દીધા હતા. જોકે, બાદમાં ટીકા થતાં પડદો હટાવી દેવાયો હતો.

**સુરતની હવામાં ઝેરનું સ્તર ચરમસીમાએ!**

## સુરતમાં ગંભીર વાયુ પ્રદૂષણ મામલે તાત્કાલિક પગલાં ભરો: દર્શન નાયક

**કોંગ્રેસ** મહામંત્રી દર્શન નાયકે પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવડિયાને પત્ર લખી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી

સુરતઃ સુરત શહેરમાં બે દાયકામાં પહેલીવાર ગંભીર થયેલા હવા પ્રદૂષણ મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવડિયાને રજૂઆત કરી છે,

જેમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશો, રાજ્ય સરકારના ઠરાવો અને બંધારણીય ફરજોનું ઉલ્લંઘન થતું હોવાનું જણાવી તાત્કાલિક કાયદાકીય અને દંડાત્મક પગલાંની માંગણી કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં AQI સતત 200થી ઉપર રહી રહ્યો છે. 25 નવેમ્બરે AQI 203 નોંધાયો હતો. જે CPCB અનુસાર "Very Unhealthy" શ્રેણી છે. PM2.5નું સ્તર 100 g/mથી વધુ-NAAQSની મર્યાદા કરતાં લગભગ દોઢગણું છે. શહેરની હોસ્પિટલોમાં શ્વાસની તકલીફ, અસ્થમા, એલર્જી અને ચામડીના રોગોના 30%થી વધુ દર્દીઓનો વધારો નોંધાયો છે. સુરત હાલ ઓરેન્જ ઝોનમાં છે.

દર્શન નાયકે રજૂઆતમાં અંતે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા, જો સરકાર કાર્યવાહી નહીં કરાય તો કાનૂની પગલાં લેવાની ફરજ પડશે.

### રજૂઆતમાં આ તાત્કાલિક પગલાંની માંગ કરાઈ છે

● GPCB દ્વારા 24 કલાકની અંદર ઉદ્યોગોના ETP/STP/એર ફિલ્ટર્સનું નિરીક્ષણ ● એર એક્ટ, 1981 હેઠળ Closure અને Penalty શરૂ કરવી ● ઉત્સર્જન ધોરણ ભંગ કરનાર ઉદ્યોગોને તરત બંધ કરવાનો નિર્ણય ● વોટર સ્પ્રીંકલિંગ, ગ્રીન નોટ, covered transport ફરજિયાત ● Polluter Pays Principle મુજબ ભારે દંડ ● શહેરમાં તાત્કાલિક વનવૃદ્ધિ અભિયાન ● જૂના અને પ્રદૂષિત વાહનો પર નિયંત્રણ ● GPCBમાં માનવ સંસાધન અને ટેક્નિકલ ટીમનો વિસ્તરણ ● દૈનિક મોનિટરિંગ રિપોર્ટ્સ જાહેર કરવા ● મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા Health Advisories ફરજિયાત જાહેર કરવી

## ગેરકાયદે કોડેન સીરપ વેચતી મહિલા ઝડપાઈ

સુરત : ગત 27મીના રોજ બાતમી મળી હતી કે મીઠી ખાડી આઝાદ ચોક ગલી નંબર -2ના પ્લોટ નંબર 404માં એક મહિલા પ્રતિબંધિત કોડેન સીરપ વેચાણ કરતી હોવાની લિંબાયત પોલીસને મળેલી બાતમીના પડાયેલા દરોડા દરમિયાન અકિલા ઉર્ફે આપકો કલીમ સૈયદ કોડેન સીરપ વેચાણ કરતા રંગે હાથ ઝડપાઈ હતી. તેની પાસેથી મકાનના છુપાવેલી રૂપિયા 9875 કિંમતની 95 બોટલ મળી આવી હતી. જ્યારે વેચાણના રૂપિયા 458 પણ મળી આવ્યા હતા. તેણે શાહરૂખ ઉર્ફે ઉંમર અસલમ શાહ (રહે ત્રિશલ, મીઠી ખાડી લિંબાયત) પાસે મંગાવ્યો હતો. આ જથ્થો ગુડ્ડુ નામનો પેડલર તેને આપી ગયો હતો. પોલીસે અકિલા વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે. આ ગુનામાં કોડેન સીરપ મોકલનાર અને આપી જનાર ગુડ્ડુ અને શાહરૂખને વોન્ટેડ જાહેર કર્યા છે.

# વરાછાના બ્રિજ નીચેથી દબાણો દૂર

**વરાછાના** ધારાસભ્ય કુમાર કાનાણીએ લખેલા પત્રને પગલે મોડી રાત્રે મનપા અને પોલીસનું ઓપરેશન

**વરાછા** ઝોનના તમામ ફ્લાય ઓવરબ્રિજ નીચેથી દબાણો અને અસામાજિક તત્ત્વોનું ન્યૂસન્સ દૂર કરાયું, 20 ટ્રક ભરીને સામાન જપ્ત કરાયો

સુરતઃ રાજ્યમાં દારૂ-જુગાર અને ડ્રગ્સ વિરુદ્ધ રાજકારણ ગરમાયેલું છે. ત્યારે વરાછાનાં ધારાસભ્ય કુમાર કાનાણી દ્વારા વરાછાથી સરથાણા સુધીના ફ્લાયઓવર બ્રિજ નીચે ખુલ્લેઆમ ચાલી રહેલા ડ્રગ્સ અને જુગાર ધંધા અંગે પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખાતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

બ્રિજ નીચે નશાનો વેપાર, જુગાર અને એક 10 વર્ષના બાળક દ્વારા ડ્રગ્સ વેચાતો વિડીયો વાયરલ થતાં મામલો વધુ ઉગ્ર બન્યો હતો. મોડી રાત્રે પોલીસ અને પાલિકા તંત્ર દ્વારા વરાછા, કાપોદ્રા અને સરથાણા વિસ્તારમાં સાત કિમી સુધી ઉપરાંત ઝોનના તમામ બ્રિજ નીચે મોટા પાયે ઓપરેશન હાથ ધરાયું હતું. ચાર ટીમો દ્વારા બ્રિજ નીચે વર્ષોથી વસવાટ કરતાં 250 જેટલા શ્રમજીવીને હટાવવામાં આવ્યા હતા. ત્રણ પૈંડાવાળી રેકડીઓ, ઘરવખરી, પાથરણાં, બેનરો સહિતનો સામાન દૂર કરતાં કુલ 20 ટ્રક ભરાઈ ગઈ હતી. ડીસીપી આલોકકુમારે જણાવ્યું કે, લંબે હનુમાન રોડ, ઉમિયા માતા રોડ અને વરાછા મેઈન બ્રિજ નીચે કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા જુગાર અને ડ્રગ્સનો વેપાર ચલાવાતો હતો. સ્થાનિકોની ફરિયાદ બાદ આ કાર્યવાહી થઈ છે અને હવે આવા વિસ્તારોમાં નિયમિત ઓપરેશન ચલાવવામાં આવશે.

## ATMમાં બે ગઠિયાએ યુવકના કાર્ડથી 25 હજાર ઉપાડી લીધા

**પીડિત** યુવકે ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી

સુરત : ઉધના રોડ નં. 12 નજીક આવેલા એસબીઆઈ એટીએમમાં પૈસા ઉપાડવા ગયેલા યુવકને મદદ કરવાના બહાને બે અજાણ્યા શખ્સોએ કાર્ડ બદલી તેના એકાઉન્ટમાંથી 25 હજાર ઉપાડી લીધા હતા.

મૂળ મહારાષ્ટ્રનો વતની અને હાલ ઉધના રોડ નં. 12, મફતનગરમાં રહેતા 32 વર્ષીય ગણેશ અશોક ચૌહાણ રોજીરોટી માટે સુરતમાં રોજગાર કરે છે. 16 નવેમ્બરની મોડી સાંજે ગણેશ રોજની જેમ એસબીઆઈ બેંકના એટીએમમાં રૂપિયા ઉપાડવા ગયો હતો. એટીએમમાં પ્રવેશતા જ તેણે અંદર બે અજાણ્યા શખ્સોને ઉભેલા જોયા હતા. ગણેશે પોતાની ટ્રાન્ઝેક્શન શરૂ કરવાની કોશિશ કરી તો બંને ઈસમોએ મદદ કરવાની વાત કરી. ગણેશને મશીનમાં મુશ્કેલી પડી રહી હોવાની આડમાં તસ્કરોએ ચાલાકીથી તેની પાસેનું મૂળ કાર્ડ બદલી નકલી કાર્ડ હાથમાં થમાવી દીધું હતુ. ગણેશને કોઈ શંકા ન આવે તે રીતે ટીપ્સ આપતા બંને ગઠિયા બહાર નીકળી ગયા કે મશીન કામ નથી કરતું. ગણેશ બહાર આવ્યો ત્યાર બાદ થોડા જ સમયગાળો પછી તેના ફોન પર ખાતામાંથી રૂપિયા કપાતના મેસેજો આવતા તેને કંઇક ગડબડ હોવાનું ખ્યાલ આવ્યો હતો. કુલ 25 હજાર રૂપિયા તેના ખાતામાંથી ઉપાડી લેવાયા હતા. તરત જ તે બેંક અને બાદમાં ઉધના પોલીસ મથક પહોંચ્યો હતો. પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા બે ઠગો સામે ગુનો દાખલ કરી આસપાસના સીસીટીવી કેમેરા, એટીએમની એન્ટ્રી-એક્ઝિટ ફૂટેજ અને શંકાસ્પદ હલચલ ધરાવતા લોકોની જાણકારી એકત્રિત કરી આરોપીઓ સુધી પહોંચવા માટે તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી ઉત્તર ગુજરાત શારદાનિકેતન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ચિત્રકામમાં સિદ્ધિ

સુરતઃ ઉત્તર ગુજરાત શારદાનિકેતન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ "લાઇન્સ કલબ ઓફ સુરત"દ્વારા આયોજિત "PEACE POSTER DRAWING CONTEST" ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ધો ૮-બ ના વિદ્યાર્થી રાણા શુભમ નૈમેષકુમાર ના ચિત્રની સરી ગામ ભીલાડ થી ભરૂચ સુધીની ૧૦૦ લાયન્સ કલબોમાંથી ઉપરોક્ત શાળાના ચિત્રની આખા ડિસ્ટ્રિક્ટમાં પસંદગી થઈ છે. તેની આ સિધ્ધી બદલ પ્રમુખ પી.બી. પટેલ, મંત્રી ચેલાભાઈ પટેલ, શિ.સમિતિના કન્વીનર આર.સી.પટેલ, સમગ્ર ટ્રસ્ટીઓ,હોદ્દેદારો તેમજ આચાર્યા રેશ્મા પટેલે વિદ્યાર્થીને શુભેચ્છા પાઠવી હતી.

### સુમોવ અઠવા પંચ સિનિયર સિટિઝનનો સ્નેહમિલન સમારંભ યોજાયો

સુરતઃ સુમોવ અઠવા પંચ સિનિયર સિટીઝનનો સ્નેહમિલન કાર્યક્રમ પાલવાડી ખાતે યોજાયો હતો. જેમાં પ્રમુખ અનુરાધાબેન જરીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ પ્રવીણ ગાંધીએ કર્યુ હતું. આ સ્નેહમિલન સમારંભમાં જાણીતા ગાયક કલાકાર જ્યોર્જ મેકવાન અને તેમના સાથી મિત્રોએ કરાઓકે પર હિન્દી ફિલ્મી ગીતો રજૂ કરીને સિનિયર સિટિઝનને સંગીતના તાલે ઝુમાવ્યા હતા.

### ચોકબજાર વિસ્તારના પૌરાણિક પાતાલી હનુમાનજીનો પાટોત્સવ ઉજવાયો

સુરત : શહેરમાં ચોકબજાર વિસ્તારમાં તાપી નદીના પવિત્ર કિનારે સ્થિત પ્રાચીન શ્રી પાતાલી હનુમાનજી તીર્થક્ષેત્રે ભવ્ય પાટોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. પવિત્ર યજ્ઞ-હવન, સુંદર કાંડ પાઠ, અખંડ તેલ અભિષેક અને સંધ્યાકાળે ભવ્ય મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમોમાં હજારો ભક્તો જોડાયા હતા. મંદિર પરિસર 'જય શ્રી રામ' અને 'જય હનુમાન'ના નારાથી ગૂંજી ઊઠ્યું હતું. કાર્યક્રમના અંતે મહાપ્રસાદ ભંડારો યોજાયો હતો, જેમાં ભાવિકોએ હનુમાનજીના આશીર્વાદ સાથે પવિત્ર પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

### નેશનલ સ્ટેન્ડ લિફ્ટિંગમાં ચિરાગ પટેલે ગોલ્ડ મેડલ મેળવ્યો

સુરતઃ ઓલ ઈન્ડિયા નેશનલ સ્ટેન્ડ લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ગુજરાતના ચિરાગ પટેલે 52 કિલોની કેટેગરીમાં ભાગ લીધો હતો અને 240 કિલો વજન ઉંચકીને ગોલ્ડ મેડલ મેળવી ચેમ્પિયન ઓફ ચેમ્પિયન બન્યો હતો. તેણે ગુરુજી પ્રદીપ મોરે પાસે તાલીમ લીધી હતી અને સૂર્યપુર વ્યાયામશાળાનું નામ રોશન કર્યું છે.

### સુરતમાં યોગદા સત્સંગ સોસાયટીનો ક્રિયાયોગ કાર્યક્રમ સંપન્ન

સુરતઃ પરમહંસ યોગાનંદજીએ સ્થાપેલી યોગદા સત્સંગ સોસાયટી ઓફ ઇન્ડિયાના સુરત દ્વારા આજરોજ ઇચ્છાનાથ-ડુમસ રોડ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ગેસ્ટ હાઉસ ખાતે ક્રિયાયોગ પર વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. "આનંદમય અને સફળ જીવનની કુંજી - ક્રિયાયોગ વિજ્ઞાન" વિષયક આ ધાર્મિક કાર્યક્રમમાં શહેરના અનેક જિજ્ઞાસુઓ ઉપસ્થિત રહ્યા હતા. સાંજે 6થી 6:30 વાગ્યા દરમિયાન ભજનોથી કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ 6:30થી 7 વાગ્યા દરમિયાન આધ્યાત્મિક સાહિત્ય પર આધારિત પાંચ પુસ્તકોનું વિમોચન કરાયું હતું. મુખ્ય વક્તા સ્વામી શુદ્ધાનંદગીરીએ તેમના પ્રેરક સંદેશમાં જણાવ્યું કે પરમહંસ યોગાનંદજીએ શીખવેલ ક્રિયાયોગ વિજ્ઞાન મન, પ્રાણ અને ચેતનાને શુદ્ધ કરીને જીવનમાં શાંતિ અને સફળતાના દ્વાર ખોલે છે. તેમણે ગીતામાં ભગવાન કૃષ્ણ દ્વારા અર્જુનને "તુ યોગી બન" કહેવાયેલી પ્રેરણાની વ્યાખ્યા કરતા યોગના વિવિધ માર્ગોમાં રાજયોગની વિશિષ્ટતા સમજાવી.

### દવાનો ડોઝની જેમ ધર્મનો ડોઝ પણ માપમાં હોવો જોઈએ: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

સુરતઃ ઘોડદોડ રોડ સ્થિત સરેલાવાડી જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ તેમજ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થતાં તેમનું ઢોલનગારા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. બહેનોએ અક્ષતથી વધામણાં કર્યા હતા. સ્વાગતયાત્રા બાદ પ્રવચન સભાનું આયોજન થયું હતું. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજીએ ધર્મસભાને સંબોધતા જણાવ્યું હતું કે, અત્યારે ધર્મ ખૂબ વધ્યો છે તે સારી વાત છે પણ 'માઈન્ડસેટ' નામનો ધર્મ દિન-પ્રતિદિન ઘટતો જાય છે તે દુઃખની વાત છે. શક્તિ આવ્યા પછી સહનશક્તિ ઘટતી ગઈ છે. લોકોની નજર સ્થિતિ તરફ હોય છે પણ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં આવડતું નથી. કોઈ પણ સ્થિતિ કાયમી નથી હોતી. પરિસ્થિતિમાં ગમે ત્યારે બદલાવ આવી શકે છે. ચાલુ શિયાળામાં પણ ગરમીનો અહેસાશ થઈ શકે છે. પરિસ્થિતિ ભલે બદલાય પણ મનઃ સ્થિતિમાં બદલાવ આવવો જોઈએ નહી. પૂર્વે મા-બાપ કે વડીલો સંતાનોને કાંઈ પણ કહી શકતા હતા. આક્રોશ ઠાલવી શકતા પણ અત્યારે સમયનાં વહેણ બદલાયા છે. અત્યારે કેટલોક વર્ગ તો એવો છે કે જેને ધર્મની એલર્જી હોય એવું લાગે છે. ખાસ કરીને યુવાપેઢી ધર્મ અને ધર્મસ્થાનોથી વિમુખ થવા માંડી છે. જેમ દવાનો ડોઝ માપમાં હોય છે તેમ ધર્મનો ડોઝ પણ માપમાં હોવો જોઈએ. અત્યારે ઘણાંના મગજ અપસેટ છે. 'અપસેટ માઈન્ડ' સાથે કરેલો ધર્મ જામતો નથી.

### SRKI કોલેજની વિદ્યાર્થિની કલ્યાણી સક્સેનાને ખેલો ઈન્ડિયા ગેમ્સમાં રજત પદક

સુરતઃ શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યુટ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સ (SRKI), સુરતની M.Sc. Environmental Scienceમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કલ્યાણી અજય સક્સેનાએ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2025, જયપુરમાં સ્વીમિંગની 400 મીટર ઈન્ડિવિડ્યુઅલ મેડલી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રજત પદક પોતાના નામે કર્યું. SRKI પરિવાર તરફથી તેમને હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવાઈ છે.